## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ખાતે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી દ્વારા ખેડૂત તાલીમ

મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા તેમજ સદગુરુ ફાઉન્ડેશન, ચોસલાના સહયોગથી પંચમહાલ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે તેમજ મકાઈની નવીન જાતો તેમજ વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત ભાઈઓ-બેહનો જાગૃત થાય તે હેતુસર અત્રેના કેન્દ્ર ખાતે ચાલતી **ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી** યોજના અંતર્ગત **તા. ૧૮-૧૯ અને ૨૦, જુન ૨૦૨૫** ના રોજ અંદાજીત ૧૨૫ જેટલી બહેનો તેમજ ૧૭ ખેડૂતભાઈઓ માટે ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ તાલીમ કાર્યક્રમમાં અત્રેના કેન્દ્રના વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ.એમ.બી.પટેલએ મકાઈની સંયોજિત, સંકર તેમજ મુલ્યવર્ધિત જાતોની માહિતી તેમજ ડૉ.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ) દ્વારા મકાઈના પાકમાં બીજ ઉત્પાદન અંગે ખેડૂતોને માહીતગાર કરેલ હતા. ડૉ. પી.ડી.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા ચોમાસું મકાઈની ખેતી પદ્ધતિ વિષે, ડૉ.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્ર) દ્વારા મકાઈમાં આવતા રોગો અને જીવાતોના સંકલિત નિયંત્રણ વિષે તમજ ડૉ.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા પ્રથમ હરોળના નિદર્શનના મહત્વ તેમજ કેન્દ્ર ખાતે ચાલતી વિસ્તરણ પ્રવૃત્તિઓ વિષે ખેડૂતોને વિસ્તૃતમાં માહિતી આપેલ હતી.





**18/06/2025**





**19/06/2025**





**20/06/2025**